## ‘घडी बनी रे मंगल, आज उसका ही है फल...’

‘...प.भ. छगनभाई, दादुभाई, राजकोट मंडल सभी अक्षरदेरी में भजन कर रहे थे। दादुभाई को घनश्याम महाराज की मूर्ति का लक्ष्य हुआ और बढिया आशीर्वाद दिए। शास्त्रीजी महाराज की कृपा से अक्षरदेरी में तीन दिन साक्षात् महाराज के दर्शन हुए। रात को आरती हो रही थी और दादुभाई घनश्याम महाराज की मूर्ति को एकचित्त से लगातार देखते रहे थे। आधा घंटा एकटक दृष्टि से दर्शन किए और एकदम लक्ष्य हो गया ! आँख की वृत्ति मूर्ति में जुड गई, वे स्थिर हो गए। हम सभी पास ही थे। काष्ठवत् देह हो गया...

...इस प्रकार घनश्याम महाराज अक्षरधाम में ले गए। दो दिन तक अपने पास रखकर सुख दिया। उस प्रताप से दादुभाई के जीवन में परम शांति हो गई ! व्यवहार के मनसूबे बंद हो गए और व्यवहार में वृत्ति गौण हो गई। ज्ञान में भरपूर हो गए। वे बातें करते तो लगातार तीन घंटे बाते करते। अंग्रेजी में भी बातें करते और हिंदी में बातें करते। इस प्रकार परम पूज्य शास्त्रीजी महाराज के प्रताप से समाधि हो गई !’ (अक्षरतीर्थ प्रथम आवृत्ति पृष्ठ-122/123)

– प.पू. योगीजी महाराज

## ગુરુહરિ પ.પૂ. કાકાજી મહારાજ
## સાક્ષાત્કારદિન સુવર્ણ જયંતિ મહોત્સવે
## પ.પૂ. કાકાજીએ ૩ ફેબ્રુ. ૧૯૭૪માં સંતમંડળ અને સાધક વર્ગ સમક્ષ વાતો કરતા
## આજના યુગ માટે સૂચવેલ કાર્યક્રમ –

૧.
ધામ, ધામી ને મુક્તોની પરિપક્વ નિષ્ઠા
એવા નિર્દોષબુદ્ધિવાળા સંતમાં હેત કરી દ્રઢ કરી લેવી.
જેથી પ્રત્યક્ષની નિષ્ઠામાં દોરો ફેર પણ ન રહે અને
કાળ, કર્મ ને માયાનો કાયદો પણ લાગે નહિ.
એવા સંતમાં ખરેખરા હેત વગર
પ્રત્યક્ષની નિષ્ઠા થવી તદ્દન અશકય છે.
તો, એવી પ્રત્યક્ષની સર્વોપરી નિષ્ઠા દ્રઢ કરી
સ્વરૂપને સેવી લેવું.

૨.
સૌને જ્ઞાન તો છે જ કે,
'આપણે નિર્દોષબુદ્ધિ તો દ્રઢ કરી જ લેવી પડે.'
તો હવે તે માટેનો સરળ માર્ગ –
જડબુદ્ધિને છોડી દઈ...
આપણું ડહાપણ, ગાંડું ભોળપણ,
જાણપણાનું ને મૂર્ખપણાનું માન અને
આપણી આવડત ને હોશિયારી મોટા પાસે મૂકી દઈ,
જીવમાં એક દ્રઢ સંકલ્પ કરી,
એવા સંતને આગળ રાખી નાની–મોટી હરેક ક્રિયામાં...
સૌ મુક્તો જોડે પ્રથમવાર તો
સ્વરૂપલક્ષી અહોહોભાવ દ્રઢ રાખવો જ,
જેના ફળરૂપે મોટાને વિશે સદ્‌ભાવ થશે અને
પરિણામે કરોડો સાધન કરવા છતાંય ન બને એવું
નિર્વાસનીકપણું દ્રઢ થશે.
સ્વરૂપલક્ષી સુહૃદભાવ ઉદય થશે.
અને પછી જ્યાં રહેતા હો ત્યાં, જ્યાં કામ કરતા હો ત્યાં,
જે મંડળમાં સત્સંગ કરતા હો ત્યાં એ સુહૃદભાવના ફળસ્વરૂપે સ્વરૂપલક્ષી
નિર્દોષબુદ્ધિ પ્રગટશે.
સર્વત્ર સ્થળ, કાળ, જાતિ, વ્યક્તિ, ગુણ,
ક્રિયા કે વિચારના – કોઈપણ પ્રકારના ભેદ વિના –
સમ્યક્ નિર્દોષબુદ્ધિ બ્રાહ્મીસ્થિતિ રૂપે પ્રાપ્ત થશે.
બ્રહ્મ–પરબ્રહ્મનો સાચો સાક્ષાત્કાર કરવાનો
આ સાચો ઉપાય છે.

૩.
યુગધર્મ એટલો બધો પલટાતો જાય છે કે
નાના–મોટા સૌને દેખંતો વ્યવહાર જ
ઉપાધિરૂપ થઈ પડ્યો છે.
ઉદ્વેગ, અશાંતિ ને દુઃખ ઊભાં કરે છે.
સો વર્ષમાં જે ન બન્યું તે એક વર્ષમાં બનવા માંડ્યું છે.
તો હવે પછીનો ૫૦ વર્ષનો જે સમય આવે છે
તેને અનુરૂપ વિવેકસરનું સુવ્યવસ્થિત
આપણું રોજબરોજનું જીવન થવું જોઈએ.
જેથી આપણા જીવન વિકાસની સમતુલા અખંડ રહે.
જીવન સંગીત વહેતું રહે ને
અંતઃકરણના શુભ સંકલ્પ ને અખંડ શાંતિરૂપે
અક્ષરધામનું સુખ અખંડ મળતું રહે.
અને તે માટે –
ઘરનાં નાનાં–મોટાં સૌએ
નિયમિત ચાર કલાક શ્રમયજ્ઞ કરવો જ.
જરૂરિયાત ઉપર જ જીવન રાખી
પોતાના ખર્ચ જેટલું એક યા બીજી રીતે –
એટલું કાર્ય જ્યાં ને જે રીતે મળે એ રીતે –
પોતાની બડાઈ, મોટપ ને માનીપણું છોડીને પણ કરવું.
અને તો જ જીવનનું મૂલ્ય ટકી રહેશે...
નહિ તો સ્ત્રી સ્ત્રી નહિ રહે, પુરુષ પુરુષ નહિ રહે,
છોકરાં છોકરાં નહિ રહે,
પણ ગમાણમાં પૂરેલા જનાવર સમું જીવન બની રહેશે.
કોઈ કોઈનું નહિ રહે.
એ નિર્બળતા, દરિદ્રતા ને આળસ
પ્રત્યક્ષ સ્વરૂપને માનનાર સત્સંગીમાં
સદંતર ટળી જ જવાં જોઈએ.
મહારાજ, સ્વામી ને મુક્તો સૌને એવું બળ આપો ને
સુખિયા કરો એજ પ્રાર્થના.